| Publication: The Financial Express (Guajarati) | Edition: Ahmedabad |
| --- | --- |
| Date: September 22, 2016 | Page: 15 |

# એચપીએલ ઇલેક્ટ્રીકનો રૂા.૩૬૧ કરોડનો આઇપીઓ આજે ખુલશે

પીટીઆઇ
નવી દિલ્હી, તા.૨૧

એચપીએલ ઇલેક્ટ્રીક એન્ડ પાવર પ્રારંભિક જાહેર ભરણાં (આઇપીઓ) દ્વારા રૂા.૩૬૧ કરોડ ઉભા કરવા માટે આજે મૂડી બજારોમાં પ્રવેશ કરશે.

આ પ્રારંભિક જાહેર ભરણું તા.૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ બંધ થશે.

એચપીએલ ઇલેક્ટ્રીક મિટર સ્વીચગેર, વાયર અને કેબલ એવા ઇલેક્ટ્રીકલ વસ્તુઓ બનાવે છે.

આ આઇપીઓ માટેની પ્રાઇસ બેંડ રૂા.૧૭૫થી રૂા.૨૦૨ પ્રતિ શેર રાખવામાં આવી છે.

આ ફાળવણીથી થતી આવકને ધિરાણ ચુકવણી,




કાર્યરત મૂડી જરૂરીયાત અને બીજા સામાન્ય વ્યવસાયિક કાર્યો માટે વપરાશે.

આ ઇસ્યુનું સંચાલન એસબીઆઇ કેપીટલ માર્કેટ્સ, આઇસીઆંઇસીઆઇ સિક્યોરીટીઝ અને આઇડીએફસી બેંક દ્વારા કરવામા આવી રહ્યું છે. આ ઇક્વિટી શેરોનું બીએસઇ અને એનએસઇ પર લિસ્ટીંગ કરાવવામાં આવશે.

કંપનીએ તેની પહેલી શેર વેચાણ માટે સેબી પાસે ફેબ્રુઆરીમાં તેની ડ્રાફ્ટ હેરીંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) નોંધી હતી અને તેને મૂડી બજાર નિયમનકાર પાસેથી મંજૂરી મે મહિનામાં મળી હતી.